ઈ-મેઈલ

ક્રમાંક- ઘ/માધ્ય/ઘ.૧/૨૦૨૧/ ૧૬ - ૪૯
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર
તા.૧/૧૨/૨૦૨૧
૦૧ ૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ

વિષય:- મિશન સ્કુલ્સ ઓફ એક્સેલન્સ- ૧) પ્રથમ વર્ષ માટે પસંદ કરેલ શાળાઓની યાદી ૨) શાળાઓએ હાસિલ કરવાના ધ્યેયો ૩) મોનીટરીંગ અને સપોર્ટ પ્લાન.

સંદર્ભ:- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીનાં પત્ર ક્રમાંક:- સમગ્ર શિક્ષા/ક્યુઇસેલ/૧/૨૦૨૧/૪૧૦૦૭-૪૧૧૦૯ તા.૧૬/૧૨/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, મિશન સ્કુલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત કરવાની થતી કામગીરીની વિગતો મદદરૂપ ભૂમિકાઓ તથા શાળાઓએ હાસિલ કરવાના ધ્યેયો અન્વયે સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીનાં તા. ૧૬/૧૨/૨૦૨૧ ના પત્રની નકલ આ સાથે સામેલ છે. જે અન્વયે નિયમાનુસારની કાર્યવાહી કરવા આથી સૂચના આપવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્ય, ગુ.રા.ગાંધીનગર

બિડાણ:- ઉપર મુજબ

ક્રમાંક:-મા.વિ.૬/સ્કુલ ઓફ એક્સેલન્સ/વશી/૨૦૨૧-૨૨/૧૮૦૯-૧૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા, જિ. પાલનપુર
તારીખ:-૦૭/૦૧/૨૦૨૨

૨/- સંયુકત શિક્ષણ નિયામકશ્રી(માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/ઘ.૧/૨૦૨૨/૧૬-૪૯ તા.૦૧/૦૧/૨૦૨૨ અન્વયે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સબંધિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
જિ.બનાસકાંઠા

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.
- શિક્ષણ નિરીક્ષકશ્રી/મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ
સદર કચેરી

Scanned with CamScanner

ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ(IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર અને,
કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ


ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯-૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssa@gmail.com
Toll Free No.1800-233-7965


પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૧ / ૭૧૦૭ - ૭૧૧૧૯ તા.૧૪/૧૨/૨૦૨૧

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,
જિ.શિ.અને તાલીમ ભવન,
જિલ્લા-તમામ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા-તમામ
જિલ્લા-તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા-તમામ
શાસનાધિકારીશ્રી-તમામ

વિષય: મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ – 1) પ્રથમ વર્ષ માટે પસંદ કરેલ શાળાઓની યાદી 2) શાળાઓએ હાસિલ કરવાના ધ્યેયો 3) મોનીટરીંગ અને સપોર્ટ પ્લાન.

સંદર્ભ: ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક બજટ/112020/48/ચ સચિવાલય, ગાંધીનગર તા. 10/11/20

આપ અને આપના જિલ્લાની ટીમ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધાર માટે ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તે બદલ આપ અને આપની ટીમને ખૂબ અભિનંદન. આપ સૌ સુવિદિત છો કે શાળાઓને સ્પર્ધાત્મક તથા માળખાકીય રીતે શ્રેષ્ઠ બનાવવા તથા શૈક્ષણિક ગુણવત્તામાં મહત્તમ સુધાર થઈ શકે. ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજ્યમાં મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હાથ ધરવામાં આવેલ છે.

તેના અનુસંધાને જિલ્લા કક્ષા સાથે ચર્ચા થયા મુજબની શાળાઓને પસંદ કરી આગામી સમયમાં આ શાળાઓને સ્કૂલ ઓફ એક્સેલન્સ બનાવવાનું લક્ષ્ય છે. પ્રથમ તબક્કા માટે આપના જિલ્લાની પસંદ કરેલ શાળાઓની યાદી આ સાથે સામેલ છે.

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત કરવાની થતી કામગીરીની વિગતો, મદદરૂપ ભૂમિકાઓ તથા શાળાઓએ હાસિલ કરવાના ધ્યેયો આ સાથે સામેલ છે, જે ધ્યાને લઈ સમય મર્યાદામાં લક્ષ્યાંકો પ્રાપ્ત થાય તે મુજબ જરૂરી આયોજન અને અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

(સહી) ૧૪/૧૨/૨૦૨૧

ડૉ.રતનકંવર એચ.ગઢવીચારણ (IAS)

નકલ સવિનય રવાના:

- સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ સવિનય રવાના યોગ્ય કાર્યવાહી અર્થે

- કમિશનરશ્રી, કમિશનર શાળાઓ, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
- નિયામકશ્રી, GCERT, ગાંધીનગર

16.12.21

Coordination
J.D. (10+2)

Scanned by CamScanner

Scanned with CamScanner

પરિશિષ્ટ 1

## 1) સ્કૂલ ઓફ એક્સેલન્સ બનવા માટેના ધ્યેયો

આ શોર્ટલીસ્ટ થયેલ 526 શાળાઓ હવે પછીના 100 દિવસમાં સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ બનવા તરફ કાર્ય કરશે. શાળા, ક્લસ્ટર, બ્લોક અને જિલ્લા કક્ષાના અધિકારીઓશ્રીઓ આ કાર્યક્રમને સફળ બનાવવા અહીં આપેલ પરિમાણોને ધ્યાનમાં રાખીને શાળાઓને સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ બનાવવા કામ કરે તેવી અપેક્ષા છે:

- વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે
- બધા વિદ્યાર્થીઓ પાયાનું વાચન, લેખન અને ગણન કૌશલ્ય મેળવે
- સ્કૂલ એક્રેડીટેશન કાર્યક્રમ અંતર્ગત તમામ શાળાઓ ગ્રીન સ્ટાર મેળવે
- શાળાઓમાં પર્યાપ્ત ભૌતિક અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોય

આ શોર્ટલીસ્ટ થયેલ શાળાઓ આગામી 100 દિવસમાં અહીં આપેલ ધ્યેયો મેળવવા કામ કરશે. શાળાઓ આ ધ્યેયો મેળવે તે માટે તેમનું સતત મોનીટરીંગ અને હેન્ડહોલ્ડીંગ સપોર્ટ પૂરો પાડવામાં આવશે. 100 દિવસ પછી, શાળાઓની કામગીરીનું મૂલ્યાંકન કરીને શાળાઓને નીચે મુજબ ત્રણ અલગ અલગ કેટેગરી હેઠળ સ્કૂલ ઓફ એક્સેલન્સ સર્ટિફિકેટ આપવામાં આવશે:

| School of Excellence Merit Certificate | School of Excellence Distinction Certificate | School of Excellence Excellence Certificate |
|---|---|---|
| • 60%-70% બાળકો 80% કે તેનાથી વધુ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે છે<br>• 80% બાળકો ઓછામાં ઓછા 40% જેટલી ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે છે<br>• બધા બાળકો FLN કૌશલ્યો મેળવે છે<br>• શાળાઓમાં SoE ના માપદંડો અનુસાર માળખાગત સુવિધાઓ છે<br>• શાળાઓ GSQAC માં ગ્રીન 1 સ્ટાર રેટિંગ મેળવે છે | • 70%-80% બાળકો 80% કે તેનાથી વધુ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે છે<br>• 85% બાળકો ઓછામાં ઓછા 40% જેટલી ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે છે<br>• બધા બાળકો FLN કૌશલ્યો મેળવે છે<br>• શાળાઓમાં SoE ના માપદંડો અનુસાર માળખાગત સુવિધાઓ છે<br>• શાળાઓ GSQAC માં ગ્રીન 2 સ્ટાર રેટિંગ મેળવે છે | • 80% થી વધારે બાળકો 80% કે તેનાથી વધારે ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે છે<br>• 90% બાળકો ઓછામાં ઓછા 40% જેટલી ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે છે<br>• બધા બાળકો FLN કૌશલ્યો મેળવે છે<br>• શાળાઓમાં SoE ના માપદંડો અનુસાર માળખાગત સુવિધાઓ છે<br>• શાળાઓ GSQAC માં ગ્રીન 3 સ્ટાર રેટિંગ મેળવે છે |

2) SoE સર્ટીફીકેટ આપવા શાળા મૂલ્યાંકન માટેનું આયોજન

- ઉપરોક્ત જણાવ્યા અનુસાર PAT અને SAT ના ગુણને ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિ માટેના માપદંડ તરીકે ધ્યાને લેવામાં આવશે.

Scanned with CamScanner

વિદ્યાર્થીઓના ભાષાના વાચન, લેખન અને ગણન કૌશલ્યોને જાણવા એક અલાયદું મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે.

- દર 100 દિવસના અંતે, GSQAC ટીમ ફ્રેમવર્કની મદદથી શાળાઓનું મૂલ્યાંકન કરશે.
- જે શાળાઓ SoE પ્રમાણપત્ર મેળવવા માટે લાયકાત ધરાવે છે તે તૃતીય-પક્ષ ઓડિટને આધિન રહેશે. SoE પ્રમાણપત્ર તૃતીય-પક્ષ પ્રમાણપત્રના આધારે આપવામાં આવશે

[illegible]

PAT અને SAT માં વિદ્યાર્થીની અધ્યયન નિષ્પત્તિનું પ્રમાણ (%) = $\frac{\text{વિદ્યાર્થીએ PAT અને SATમાં મેળવેલ કુલ ગુણ} * 100}{\text{PAT અને SATમાં મળવાપાત્ર કુલ ગુણ}}$

80% કરતા વધારે અધ્યયન નિષ્પત્તિ મેળવતા વિદ્યાર્થીઓનું પ્રમાણ (%)

$$= \frac{\text{વિદ્યાર્થીઓ જેમણે} > 80\% \text{ ગુણ મેળવ્યા} * 100}{\text{કુલ વિદ્યાર્થીઓ}}$$

40% કરતા વધારે અધ્યયન નિષ્પત્તિ મેળવતા વિદ્યાર્થીઓનું પ્રમાણ (%)

$$= \frac{\text{વિદ્યાર્થીઓ જેમણે} > 40\% \text{ ગુણ મેળવ્યા} * 100}{\text{કુલ વિદ્યાર્થીઓ}}$$

FLN કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓનું પ્રમાણ (%) = $\frac{\text{FLN કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા}}{\text{કુલ વિદ્યાર્થીઓ}} X 100$

80% કરતાં વધારે વિદ્યાર્થીઓએ દરેક એકમ કસોટીમાં સરેરાશ 80% કરતાં વધુ ગુણ મેળવ્યા હશે અને સત્રાંત
કસોટીમાં સરેરાશ 80% કરતાં વધુ ગુણ મેળવ્યા હશે. દર 100 દિવસે ફરીથી મૂલ્યાંકન થશે. જો સત્રાંત કસોટી આ
100 દિવસોમાં ન લેવાય તો તેવા સંજોગોમાં માત્ર એકમ કસોટીના ગુણને ધ્યાને લેવામાં આવશે.

3) પસંદ કરેલી શાળાઓને મોનિટરિંગ અને હેન્ડહોલ્ડિંગ સપોર્ટ પ્લાન

શોર્ટલિસ્ટ કરેલી શાળાઓનું શૈક્ષણિક અને બિન -શૈક્ષણિક લક્ષ્યો માટે CCC 2.0 થી સઘન નિરીક્ષણ કરવામાં
આવશે અને નીચે મુજબ અધિકારીઓ દ્વારા સતત દેખરેખ અને હેન્ડહોલ્ડિંગ સપોર્ટ પૂરો પાડવામાં આવશે.

I. DPEO

- DPEOએ DIET અને BRC સાથે સંકલન કરી સુનિશ્ચિત કરશે કે પસંદ કરેલ શાળાઓને નીચે જણાવેલ જરૂરિયાતો અનુસાર મુલાકાતો થાય છે
- DPEO મહિનામાં ઓછામાં ઓછું એકવાર જિલ્લાની તમામ પસંદ કરેલી શાળાઓની મુલાકાત લેશે
- DPEO મહિનામાં એકવાર DIET, TPEO અને BRC સાથે સમીક્ષા બેઠકનું આયોજન કરશે
- DPEO માનનીય શિક્ષણ સચિવ દ્વારા આયોજિત સમીક્ષા બેઠકમાં જિલ્લાની માસિક પ્રગતિ રજૂ કરવાની રહેશે

Scanned with CamScanner

II. DIET વ્યાખ્યાતા

- DIET વ્યાખ્યાતા અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વખત સોંપેલ તાલુકાની પસંદ કરેલી શાળાઓની મુલાકાત લેશે
- પસંદ કરેલી શાળાઓમાં PAT / SAT મૂલ્યાંકન પરિણામોનું વિશ્લેષણ કરવું. શીખવાના કઠિન મુદ્દાઓને ઓળખવા અને ઉપચારાત્મક શિક્ષણ સૂચવશે
- વર્ગખંડ અવલોકન કરવું અને તે મુજબ શિક્ષકો/મુખ્ય શિક્ષકોને શીખવું – શીખવવાની પ્રક્રિયાઓ સુધારવા માટે માહિતી પૂરી પાડશે
- શિક્ષણના પરિણામોની પ્રગતિની સમીક્ષા કરવી અને શાળાઓની જરૂરિયાતો અનુસાર CRC સાથે આગળના પગલાંની યોજના બનાવશે
- શિક્ષકની તાલીમ જરૂરિયાતો, શીખવાંમાં ગેરસમજો અંગે CRC સાથે ચર્ચા કરવી અને તે મુજબ આયોજન બનાવવામાં મદદ કરશે
- સોંપેલ તાલુકાની પસંદ કરેલી શાળાઓના શિક્ષકોની ઉભરતી જરૂરિયાતો મુજબ તાલીમનું આયોજન કરશે

III. TPEO અને ADEI

- TPEO/ ADEI એ sat મૂલ્યાંકન પ્રક્રિયાના ગુણવત્તાયુક્ત અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે પસંદ કરેલી શાળાઓમાં SAT મૂલ્યાંકન પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે
- DPEOશ્રી ની શાળા મુલાકાત દરમ્યાન સાથે રહેવું તેમજ તેમની સૂચનાઓ/ભલામણ મુજબ ફોલો-અપ સપોર્ટ શાળાને આપશે
- TPEOs/ADEI s આ પસંદ કરેલી શાળાઓની મુલાકાત કરવી અને DPEOશ્રી દ્વારા સૂચવ્યા મુજબ ફોલો -અપ સપોર્ટ પૂરો પાડશે

IV. BRC

- BRC તાલુકા કક્ષાએ SoE કાર્યક્રમની એકંદર સફળતા માટે જવાબદાર રહેશે
- TPEO અને ADEI સાથે સંકલન કરી પસંદ કરેલી શાળાઓમાં BRC અથવા TPEO અથવા ADEI દ્વારા SAT ની પ્રક્રિયાનું નિરીક્ષણ થાય તેની ખાતરી કરવી જેથી SAT મૂલ્યાંકનનું ગુણવત્તાયુક્ત અમલીકરણ સુનિશ્ચિત થાય
- તાલુકાની પસંદ કરેલ શાળાઓને શૈક્ષણિક સહાયતા સુનિશ્ચિત કરવા DIET વ્યાખ્યાતા સાથે સંકલન કરશે
- DPEO દ્વારા આયોજિત સમીક્ષા બેઠકમાં તાલુકાની માસિક પ્રગતિ રજૂ કરવાની રહેશે

Scanned with CamScanner

- BRC પ્રગતિની સમીક્ષા કરવા માટે અઠવાડિયામાં ઓછામાં ઓછી એક વખત પસંદ કરેલી શાળાઓની મુલાકાત લેશે અને એકંદર કામગીરી સુધારવા માટે આગળનાં પગલાની યોજના કરશે

V CRC

- CRC અઠવાડિયામાં ઓછામાં ઓછા બે વખત પસંદ કરેલી શાળાઓની મુલાકાત લેશે
- પસંદ કરેલી શાળાઓમાં DPEO DIET વ્યાખ્યાતા, BRC અને TPEO/ADEI ની મુલાકાતો તેમજ અધિકારીઓ દ્વારા અપાયેલ સૂચનોનું સંકલન કરશે
- પસંદ કરેલી શાળાઓના મુખ્ય શિક્ષક સાથે, શિક્ષણના પરિણામોને સુધારવા અને શાળાના GSQAC સ્કોરમાં સુધારો કરવાની યોજના બનાવશે
- GSQAC ના માપદંડો મુજબ શાળામાં પ્રક્રિયાઓ થાય છે? તે ચકાસીને તેનો પ્રતિસાદ આપશે
- CRC પખવાડિયામાં ઓછામાં ઓછા એકવાર શાળાના તમામ વર્ગખંડોનું અવલોકન કરશે અને શિક્ષકોને શૈક્ષણિક માહિતી પૂરી પાડશે
- GSQAC ના માપદંડો મુજબની પ્રક્રિયાઓ માટે શિક્ષકોને જરૂરી હેન્ડહોલ્ડિંગ સપોર્ટ પૂરો પાડશે
- FLN PAT અને SAT મૂલ્યાંકન યોજવા માટે શાળાઓને હેન્ડહોલ્ડિંગ સપોર્ટ પૂરો પાડશે
- પસંદ કરેલી શાળાઓમાં FLN અને PAT મૂલ્યાંકન પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે

સંક્ષિપ્ત શબ્દો:

FLN: પાયાના વાંચન, લેખન અને ગણન કૌશલ્યો (Foundational Literacy and Numeracy)
PAT: એકમ કસોટી (Periodic Assessment Test)
SAT: સત્રાંત કસોટી (Summative Assessment Test)
DPEO: જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (District Primary Education Officer)
TPEO: તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી (Taluka Primary Education Officer)
ADEI: મદદનીશ જિલ્લા શિક્ષણ અધિકારી (Assistant District Education Inspector)
SoE: School of Excellence
GSQAC: Gujarat School Quality Accreditation Council
BRC: Block Resource Coordinator
CRC: Cluster Resource Coordinator
DIET: District Institute of Education and Training
CCC: Command and Control Centre for schools

Scanned with CamScanner

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા, પાલનપુર.

## School Of Excellence - Banaskantha, School Selection List

| Sr. No | BLOCK | VILLEGE | DISE CODE | SCHOOL NAME | Elementary/ Secondary | Target Days | NO. OF STUDENTS (STD 9 TO 12 ) | No. Of Teacher | Priority | Selected / Not Selected |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | AMIRGADH | VIRAMPUR | 24020107305 | LOKNIKETAN VINAYMANDIR VIRAMPUR | GOVT. AIDED | 300 | 359 | 8 | 1 | Selected |
| 2 | BHABHAR | BHABHAR NAVA-1 | 24020200419 | SHREE ADARSH H S SCHOOL,BHABHAR | GOVT. AIDED | 300 | 1377 | 30 | 1 | Selected |
| 3 | DANTA | HADAD | 24020305209 | SWAMI SHREE A.P.H.S HIGHSCHOOL HADAD | GOVT. AIDED | 400 | 595 | 16 | 2 | Selected |
| 4 | DANTA | MOTASADA | 24020311202 | JAY SHREE DVARKADHISH SARASVATI VIDHYALAY, MOTASADA | GOVT. AIDED | 300 | 482 | 11 | 1 | Selected |
| 5 | DANTIWADA | JEGOL | 24020402405 | B C CHAUDHARY SECONDARY SCHOOL JEGOL | GOVT. AIDED | 400 | 784 | 17 | 2 | Selected |
| 6 | DANTIWADA | PANTHAWADA | 24020403907 | SHREE PANTHAVADA HIGHSCHOOL, PANTHAVADA | GOVT. AIDED | 300 | 852 | 21 | 1 | Selected |
| 7 | DEESA | DEESA | 24020502652 | D N J ADARSH HIGHSCHOOL DEESA | GOVT. AIDED | 300 | 1656 | 44 | 1 | Selected |
| 8 | DEESA | DEESA | 24020505212 | D J N MAHETA HIGHSCHOOL JUNA DEESA | GOVT. AIDED | 400 | 1171 | 24 | 2 | Selected |
| 9 | DEESA | RAMPURA (DAMA) | 24020515704 | MAHANTSHREE K D ADARSH HIGH SCHOOL RAMPURA (DAMA) | GOVT. AIDED | 400 | 964 | 22 | 2 | Selected |
| 10 | DEODAR | DEODAR | 24020601517 | SHREE V K VAGHELA HIGHSCHOOL, DEODAR | GOVT. AIDED | 300 | 1621 | 35 | 1 | Selected |
| 11 | DEODAR | SONI | 24020606604 | SHREE B V PATEL VIDHYAMANDIR SONI | GOVT. AIDED | 400 | 588 | 13 | 2 | Selected |
| 12 | DHANERA | DHANERA | 24020701423 | SHREE H K AKOLIYA SECONDARY & HIGHER SECONADARY | GOVT. AIDED | 300 | 2486 | 50 | 1 | Selected |
| 13 | DHANERA | JADIYA | 24020702705 | PUJY MAHANT SHREE D V V SEC. AND M S U M GODHA HIGHSCHOOL JADIYA | GOVT. AIDED | 400 | 949 | 23 | 2 | Selected |
| 14 | KANKREJ | THARA | 24020809524 | SHREE OGAD VIDHYAMANDIR | GOVT. AIDED | 300 | 870 | 21 | 1 | Selected |
| 15 | KANKREJ | UN | 24020809902 | SHETH SHREE A N K M M AND SMT. S N D THAKAR HIGHER SEC. UN | GOVT. AIDED | 400 | 1141 | 25 | 2 | Selected |
| 16 | LAKHANI | LAKHANI | 24021306918 | SHREE SARASWATI VIDHYALAY | GOVT. AIDED | 300 | 755 | 18 | 1 | Selected |
| 17 | LAKHANI | LAVANA | 24021316810 | SHREE LOKNIKETAN VINAYAMANDIR LAVANA | GOVT. AIDED | 400 | 568 | 13 | 2 | Selected |
| 18 | PALANPUR | PALANPUR | 24020916920 | MATRUSHREE KUNVARBAI MA MAHILA KANYA SCHOOL PALANPUR | GOVT. AIDED | 400 | 777 | 20 | 2 | Selected |
| 19 | PALANPUR | PALANPUR | 24020916921 | V R VIDHYALAY | GOVT. AIDED | 300 | 1523 | 38 | 1 | Selected |
| 20 | PALANPUR | PALANPUR | 24020916602 | SHETH SHREE M M SHAH VIDHYAMANDIR GOLA | GOVT. AIDED | 400 | 764 | 22 | 2 | Selected |
| 21 | SUIGAM | SUIGAM | 24021410709 | SHREE MAHARSHI KANAD GURUKUL | GOVT. AIDED | 300 | 542 | 6 | 1 | Selected |
| 22 | THARAD | NAROLI | 24021009504 | U BU VIDHYALAY NAROLI | GOVT. AIDED | 400 | 955 | 25 | 2 | Selected |
| 23 | THARAD | THARAD | 24021012411 | GAYATRI VIDHYALAY THARAD | GOVT. AIDED | 300 | 1632 | 44 | 1 | Selected |
| 24 | THARAD | ASODAR | 24021000603 | ADARSH VIDHYALAY, ASODAR | GOVT. AIDED | 400 | 350 | 9 | 2 | Selected |
| 25 | VADGAM | CHHAPI | 24021111310 | SHARADASHISH HIGHSCHOOL, CHHAPI | GOVT. AIDED | 300 | 1469 | 35 | 1 | Selected |
| 26 | VADGAM | VADGAM | 24021110406 | SMT. J S T RANA SARASVATI KANYA VIDHYALAY. VADGAM | GOVT. AIDED | 400 | 478 | 14 | 2 | Selected |
| 27 | VAV | TIRTHGAM | 24021211204 | PARIKH M C SANSKAR VIDHYALAY TIRTHGAM | GOVT. AIDED | 400 | 1218 | 26 | 2 | Selected |
| 28 | VAV | VAV | 24021212017 | MAHETA N S VINAY MANDIR | GOVT. AIDED | 300 | 988 | 19 | 1 | Selected |

Scanned with CamScanner